અપીલ અરજી નં.૨૧૯ તા.૨૩–૧૦–૦૮/૦૯

અરજદાર: શ્રી વશરામ રામજી પટેલ
સામાવાળા: ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)

**હુકમ:–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વશરામ રામજી પટેલની તા.૨૪–૯–૦૮ ની અરજીથી (૧)નાનાવરાછા ગામનો વિસ્તાર મ્યુ. કોર્પોરેશનમાં કયારે ભેળવવામાં આવ્યો તેની તારીખ સહિતની માહિતી આપવી (૨) નાનાવરાછા ગામને મ્યુ.કોર્પોરેશનમાં મેળવ્યા બાદ જે નવા વિકાસ નકશા બન્યા હોય તમાંથી છેલ્લામાં છેલ્લો રોડ લાઈન દર્શાવતો નાનાવરાછા ગામનો વિકાસ નકશો બન્યો હોય તેની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૯/૨૦૦૮–૦૯

શ્રી વશરામ રામજી પટેલની તા.૨૪–૯–૦૮ ની અરજીથી (૧)નાનાવરાછા ગામનો વિસ્તાર મ્યુ. કોર્પોરેશનમાં કયારે ભેળવવામાં આવ્યો તેની તારીખ સહિતની માહિતી આપવી (૨) નાનાવરાછા ગામને મ્યુ.કોર્પોરેશનમાં મેળવ્યા બાદ જે નવા વિકાસ નકશા બન્યા હોય તમાંથી છેલ્લામાં છેલ્લો રોડ લાઈન દર્શાવતો નાનાવરાછા ગામનો વિકાસ નકશો બન્યો હોય તેની નકલ આપવા બાબત. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૮૫૨ તા.૨૦–૧૦–૦૮ થી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા બે હતાં એકજ મુદ્દાની માહિતી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૩ તા.૨૭–૧૦–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૫૨ તા.૧૦–૧૧–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે જાહેર માહિતી અધિકારી મારફતે નહીં પરંતુ સંકલન વરાછાઝોન મારફતે મોકલાયેલ છે. જાહેર માહિતી અધિકારી સ્વયં કાયદા હેઠળ જે ઉત્તરદાયિત્વ છે તેવા કિસ્સામાં આ પ્રકારનું જાહેર માહિતી અધિકારી કક્ષાનું વલણ કાયદાની ભાવના અને જોગવાઈ સાથે સુસંગત નથી.

અરજદારની તા.૨૪–૯–૦૮ ની અરજી અન્વયે માંગ્યા મુજબની માહિતી અંગે અરજદારે અપીલ અરજીમાં અધૂરી અને મુદ્દા નંબર એકજ ની જ માહિતી પૂરી પાડેલ છે. તેમજ નમુના 'ઘ' માં પૂરી પાડવા અને વિના મૂલ્યે પૂરી પાડવા રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૧ ની માહિતી અરજદારને નિયત સમય મર્યાદામાં નમુના 'ઘ' માં પૂરી પડાયેલ છે. જયારે મુદ્દા નં.૨ ની નાના વરાછા ગામના વિકાસ નકશો બન્યો હોય તો છેલ્લામાં છેલ્લા રોડ લાઈન દર્શાવતો નકશાની પ્રમાણિત નકલની માંગણી કરેલ છે . જે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતેથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/આ.નં.૮૫૨ તા.૨૪–૯–૦૮ થી ટાઉન પ્લાનીંગ અને મ. જાહેર માહિતી અધિકારીને અરજદારની જાણ હેઠળ મુદ્દા નં.૨ અંગે તબદીલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ નં.ટીપીડી/આ.૫૨૬૧ તા.૨૩/૨૭–૧૦–૦૮ થી મ. જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી મુખ્ય કારોબારી અધિકારીને વિલંબિત રીતે અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૪–૯–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા નં.૧ ની માહિતી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં પૂરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૨ અંગે ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/૮૫૨ તા.૨૪–૯–૦૮ થી ટાઉન પ્લાનીંગ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે. જેઓએ નં.ટીપીડી/૫૨૬૧ તા.૨૩/૨૭–૧૦–૦૮ થી મ. જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી મુખ્ય કારોબારી અધિકારીને વિલંબિત રીતે અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ છે. આથી અરજદારને અત્રેના સત્તામંડળ હેઠળની માહિતી પૂરી પડાયેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.અરજદાર અન્ય સત્તામંડળ પાસેથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

*ડે.કમિશનર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વશરામ રામજીભાઈ પટેલ,